# કચ્છના છેવાડાના કોટેશ્વર સુધી નવી રેલવે લાઈન પહોંચાડવામાં આવશે

## ભુજમાં સિમેન્ટ ઉદ્યોગો સાથે યોજાયેલી બેઠકમાં વિવિધ મુદ્દા ચર્ચાયા

ભાસ્કર ન્યૂઝ . ભુજ

વાયોર-કોટેશ્વર નવી બ્રોડગેજ રેલ્વે કનેકટીવીટી પ્રોજેક્ટ અંતર્ગત ભુજ ખાતે ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડ ( જીઆઈડીબી) અને સિમેન્ટ ઉદ્યોગો તેમજફોકિયા સહિતના સ્ટેકહોલ્ડરોની પરિષદનું આયોજન કરાયું હતું જેમાં વર્ષ 2023 સુધી કચ્છના છેવાડે કોટેશ્વર સુધી રેલવે લાઈન પહોંચાડાશે તેમ જણાવાયું હતું. આ પ્રસંગે રાજ્યમંત્રી વાસણભાઈ આહિરે જણાવ્યું હતું કે, વાયોર-કોટેશ્વર નવી બ્રોડગેજ રેલ્વે કનેકટીવીટી પ્રોજેક્ટ સાકાર થતા પશ્ચિમ કચ્છના વિકાસના દ્વાર ખુલશે. એક સમયે જાહોજલાલી ધરાવતા લખપતના દિવસો પાછા આવશે. ભુજના ધારાસભ્ય ડૉ. નીમાબેન આચાર્યે જણાવ્યું હતું કે, પશ્ચિમ કચ્છનો વિકાસ થતા ઉદ્યોગો આવશે અને વિસ્તાર ધમધમતો થતાં સુરક્ષિત થશે.

ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડના ઝેડ. એમ. ખાને આખો પ્રોજેક્ટ પીપીપી મોડેલ આધારિત હોવાનું કહેતાં ઉમેર્યું હતું કે, 43.76 કિલો મીટર લાંબી વાયોર-કોટેશ્વર રેલવે લાઈન પર ચાર સ્ટેશન, 20 મોટા અને 36 નાના પૂલનુ નિર્માણ કરાશે. પ્રોજેક્ટ ફાઈનલ કરાય તો તેને પૂર્ણ કરવામાં ૩ થી ૪ વર્ષનો સમય અને ૪૦૦થી ૫૦૦ કરોડનો ખર્ચ થશે. ઔદ્યોગિક વિકાસથી રોજગારી અને પ્રવાસન વિકાસથી ફાયદો થશે. ફોકીયાના એમ.ડી નિમિષ ફડકેએ પરિષદનો હેતુ સમજાવ્યો હતો.



### નિર્ધારિત સમયમાં કામ થવાની આશા ધૂંધળી

ભુજથી નલિયા બ્રોડગેજનું કામ ચાલુ સાલના અંત સુધીમાં પૂર્ણ કરવાની વાતો થઈ રહી છે પણ હજુ સુધી દેશલપર સુધીજ લાઈન નખાઈ છે. દરમિયાન જીઆઈડીબી દ્વારા ચાર વર્ષના ગાળામાં કોટેશ્વર સુધી રેલ સેવા પહોંચશે તેવો લક્ષ્યાંક રખાયો છે પણ હાલે જે ગતિએ કામ થઈ રહ્યું છે તે જોતાં આશા ધૂંધળી દેખાઈ રહી છે.

Scanned by CamScanner